રજૂ તારીખ : ૦૩/૦૬/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૩/૦૬/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૪.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૪૪૨/૨૦૨૬.**

**અરજદાર :–** **મદન હરીવંશ પાંડે,**
રહેવાસી : રૂમ નંબર : ૧૦૧, દિપકભાઈની ચાલ,
વલ્લભ નગર, ગુંજનશ્રીગામ, તાલુકો : વાપી,
જીલ્લો : વલસાડ.
મૂળ રહેવાસી : રમબીચારા ગામ, થાના : કુંદરા,
જીલ્લો : રોહતાસ, બિહાર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

=====================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી વાય. જી. પટેલ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

=====================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજિ. નંબર : ૧૧–

૨૧૪૦૪૬૨૬૦૮૮૨/૨૦૨૬, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદારના વિ. વકીલ શ્રી વાય. જી. પટેલની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલ નથી. અરજદારનો રોલ માત્ર ડ્રાઈવર તરીકેનો દર્શાવવામાં આવેલ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઈ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદાર વલસાડ જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે ગોઠવવામાં આવેલ વોચ દરમ્યાન અરજદારના કબજાના ટેમ્પોમાંથી ભારતીય બનાવટના બીયરના

ટીન નંગ–૩,૦૦૦, કિંમત રૂા.૩,૭૭,૪૯૦/– નો મુદ્દામાલ મળી આવેલ. આમ, હાલના અરજદારે ટેમ્પોમાં વિપુલ પ્રમાણમાં દારૂના જથ્થાનું વહન કરી સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે અને અરજદાર બિહાર રાજયના મૂળ વતની છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧ ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસો એના ગામની સીમમાં ભારતમાલા એક્ષપ્રેસ હાઇવે ઉપર વોચમાં હતા ત્યારે બાતમી મુજબનો ટેમ્પો લઇને અરજદાર આવતાં તેઓને રોકવામાં આવેલા અને ટેમ્પાની તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના બીયરના ટીન નંગ–૩,૦૦૦, કિંમત રૂા.૩,૭૭,૪૯૦/– નો મુદ્દામાલ મળી આવેલ. સદર જથ્થો સહઆરોપી યાદવભાઇએ ભરાવી આપેલ હતો. આમ, હાલના અરજદાર સામે ટેમ્પોમાં મુદ્દામાલ દારૂના જથ્થાનું વહન કરવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. હાલના અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઇ હકીકત તપાસનીશ અધિકારીની એફીડેટવીટ જોતાં જણાઇ આવતી નથી, એટલે કે અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. હાલના અરજદાર વલસાડ જીલ્લાના કાયમી રહેવાસી છે અને તેઓ બિહાર રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવાનું જરૂરી જણાય છે. વળી, ગુનાનો પ્રકાર જોતાં અરજદાર/આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ

જણાઇ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને અરજદાર/ આરોપી સામેની ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઇ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપી મદન હરીવંશ પાંડેની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૪૪૨/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૬૦૮૮૨/૨૦૨૬, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧ ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે અરજદાર રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને વિ. ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૬ મી, **માહે :** જૂન, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૬/૦૬/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594